



બનાસકાંઠામાં સતત ભારે વરસાદના પગલે તથા માઉન્ટ આબુમાંથી ઉપરવાસના પાણીની ભારે આવક બાદ આજે દાંતીવાડા ડેમમાં પાણીની આવક વધી જતાં તંત્ર દ્વારા ડેમના તમામ દરવાજા ખોલી દેવાયા હતા. જે પાણી બનાસ નદીમાં છોડાતા નદીની આસપાસના ગામોને એલર્ટ કરી ઉંચાણવાળી જગ્યાએ સ્થળાંતર કરી જવા તંત્ર દ્વારા જણાવાયું હતું. બનાસ નદીના ઘોડાપુરથી વેરણછેરણ દૃશ્યો સર્જાયા હતા. તંત્ર દ્વારા આગામી ૪૮ કલાક સુધી બનાસકાંઠામાં ભારે વરસાદના પગલે લોકોને સાવચેત રહેવા જણાવાયું છે.





## મોડાસા-ધનસુરા માર્ગ પર કોલેજ રોડ પર લઘુમતી વિસ્તારની મહિલાઓનો ચક્કાજામ

મોડાસામાં છેલ્લા સપ્તાહથી પડેલા સાંબેલાધાર વરસાદના પગલે કોલેજ રોડ પર આવેલી લઘુમતી વિસ્તારની નીચાણવાળી સોસાયટી વિસ્તાર જેવો કે જીલાનીપાર્ક,શમ્મેહિદાયત સોસાયટી, ગરીબનવાજ સોસાયટી સહીતની ૬ થી વધુ સોસાયટીમાં વરસાદી પાણી ફરી વરતા લોકોના ઘરોમાં પ્રથમ માળ અને ૫ ફૂટથી વધુ પાણી ભરાતા અને પાણીની સમસ્યા યથાવત રહેતા મુસ્લિમ સમાજમાં ભારે રોષ જોવા મળી રહ્યો હતો અને ગુરુવારે ૪ વાગ્યાના સુમારે વહીવટીતંત્ર અને નગરપાલિકા તંત્ર સામે વિરોધ પ્રદર્શન કરતા મોટી સંખ્યામાં મહિલાઓ મોડાસા કોલેજ પાસેથી પસાર થતા મોડાસા-ધનસુરા માર્ગે પર ચક્કાજામ કરતા વાહનવ્યવહાર થંભી ગયો હતો અને વાહનોની લાંબી કતારો જામી હતી. ચક્કાજામથી વાહનચાલકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. ચક્કાજામના પગલે પોલીસતંત્ર ઘટનાસ્થળે ધસી આવી ચક્કાજામ ખસેડવા પ્રયત્નો હાથ ધર્યા હતા.

# મોડાસામાં ઝરમર-ઝરમર વરસાદ વચ્ચે થાળે પડતુ જનજીવન

મોડાસા, તા. ૨૭

મોડાસા શહેરમાં સપ્તાહથી મેઘરાજા કોપાયમાન થતા શહેરની વરસાદી પાણીએ તાસીર બદલી નાખી હતી. શહેરના મોટાભાગના વિસ્તારોમાં અવિરત વરસાદથી પૂરની પરિસ્થિતિનું નિર્માણ થતા જનજીવન ભારે પ્રભાવીત થતા ૨૫૦૦થી વધુ લોકોએ સ્થળાંતર કરવાની સાથે અનેક સોસાયટીઓ બેટમાં ફેરવાઈ હતી.

ગુરૂવારે મોડીરાત્રીથી મેઘરાજાએ ખમૈયા કરતા ઝરમર-ઝરમર વરસાદ વચ્ચે રહેણાંક વિસ્તારોમાં ભરાયેલા વરસાદી પાણી ઓસરતા નગરજનોએ રાહતનો શ્વાસ લીધો હતો. નગરપાલિકાતંત્ર દ્વારા જેસીબી મશીનો અને ૫ પમ્પીંગ મશીનો કામે લગાડી સતત વરસાદી પાણી ઉલેચતા પાણીના સ્તર નીચે ઉતરતા જનજીવન પુનઃ ધબકતુ થયું હતું. નગરપાલિકાતંત્ર દ્વારા ૩૫૦૦થી વધુ ફૂડ પેકેટ અસરગ્રસ્તોને વહેંચ્યા હતા. મોડાસાની લઘુમતિ સોસાયટીઓમાં બે દિવસથી લાઈટ ગૂલ અંધારપટ છવાયો હતો.

મોડાસા નગરપાલિકાના પ્રમુખ વનિતાબેન પટેલ દ્વારા સતત પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ વરસાદી પાણીના નિકાલ માટે નગરપાલિકાતંત્રને લગાડી દઈ પાંચ પમ્પિંગ મશીનો દ્વારા લઘુમતિ વિસ્તારમાં પાણીનો નિકાલ કરવા સક્રિય ભૂમિકા ભજવી હતી. તદઉપરાંત અસરગ્રતો માટે રહેવાની વ્યવસ્થા અને તમામ લોકોને ૩૫૦૦ પૂરી-શાકના ફૂડપેકેટ પહોંચાડી સતત સફળ કામગીરી કરાતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

## ઘમરોળાયુ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સુધીના પાણી ભરાતા મુલાકાતીઓ અને દર્દીઓને અવર જવરમાં મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો હતો. શહેરના હાર્દસમા ઘ-૪ વિસ્તારમાં પણ વરસાદી ગોઠણ સુધી વરસાદી પાણી ભરાઈ જતા વાહનચાલકો અટવાયા હતા. સે-૧૭-૨૨ પાસે ગોઠણ સુધી પાણી ભરાતા નાગરિકોને હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો. સે-૨૪ માં પણ વરસાદી પાણી વચ્ચે સોસાયટીઓ ગરકાવ થયેલી જોવા મળી હતી. નગરના ગ માર્ગ પર પણ વરસાદી પાણી ફરી વળતા સેકટરવાસીઓ વરસાદ માંણવા ઉમટી પડયા હતા. સે-૪ ઓમકારેશ્વર મહાદેવ મંદિર સે-૨૧ કેટેગરી વિસ્તારમાં પણ વરસાદી પાણી ભરાતા તંત્ર દ્વારા જેટમશીન લગાવી પાણી દુર કરવા કામ હાથ ધરાયુ હતુ. ખ માર્ગ પર વરસાદી પાણીનો ભરાવો થયો હતો. વરસાદી પાણીના ભરાવાના લીધે મોટાભાગના માર્ગો વન વે થઈ ગયા હતા. બપોરના સમયે વરસાદે વિરામ લેતા વરસાદી પાણી પણ પ્રમાણમાં ઓસરી જતા જનજીવન સામાન્ય બન્યુ હતુ. ભારે વરસાદના લીધે શહેર જળબંબાકાર બનતા મેયર પ્રવિણ પટેલ, ધારાસભ્ય અશોક પટેલ, ગુડાના ચેરમેન આશિષ દવે તેમજ મહાનગરપાલિકાના કોર્પોરેટરો પણ સ્થાનિકોની મદદમાં લાગી ગયા હતા. વરસાદના કહેર સાથે નગરમાં ઠેર ઠેર ગાબડા અસ્તિત્વમાં આવતા ભયજનક સ્થિતિનુ નિર્માણ થયુ હતુ. સે-૩ માં ગટર લાઈનની ચેમ્બર પાસે તોતિંગ ગાબડુ અસ્તિત્વમાં આવ્યુ હતુ. શહેરમાં સે-૭ ડી અને જુના સચિવાલય તેમજ સે-૨૩ માં પેટ્રોલ પંપ પાસે પણ તોતિંગ વૃક્ષ ધરાશાયી થયુ હતુ. સહીત કેટલાક ઠેકાણે વૃક્ષો પણ જમીન દોસ્ત થયા હતા. શહેરમાં ૨૪ કલાકમાં ૯ ઈંચ વરસાદ વરસતા સેકટરોમાં ચોમેર વરસાદી પાણી ઉભરા લેતુ નજરે પડયુ હતુ. વરસાદના લીધે નગરના જનજીવન પર વિપરિત અસર જોવા મળી હતી. સિઝનનો ૩૬ ઈંચ વરસાદ નોંધાયો છે.

## કોર્ટમાં જશે...

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રહારો કર્યા હતા. તેમણે આક્ષેપ કરતા કહ્યુ હતુ કે અમિત શાહ સુપર એડિટર તરીકે છે. માલિકો સાથે મળીને સમાચાર નક્કી કરે છે. લાલુ યાદવે નીતીશ કુમાર અને ભાજપના નેતા પર આરોપોનો મારો ચાલુ રાખ્યો હતો. લાલુના કહેવા મુજબ ભાજપ અને સંઘ વચ્ચેની ફિક્સ મેચ તરીકે આ તમામ બાબતો હતી. ફિક્સિંગના પરિણામ બુધવારના દિવસે અમને જોવા મળ્યા હતા. અનેક વખત નીતીશ કુમાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા. જે કઈ પણ બાબત ચાલી રહી હતી તે પહેલાથી જ નક્કી હતી. નીતીશ કુમારને લાલુએ ભસ્માસુર તરીકે ગણાવ્યા હતા. લાલુએ કહ્યુ હતુ કે નીતીશે સીબીઆઈ અને ઈડીના કેસ કરાવ્યા છે. સુશીલ કુમાર મોદી સાથે મળીને કાવતરા ઘડવામાં આવી રહ્યા હતા. તેમણે દાવા સાથે કહ્યુ હતુ કે જો તેમને કોઈ લાલચ રહી હોત તો મુખ્યપ્રધાન તરીકે નીતીશને પ્રોજેક્ટ શા માટે કર્યા હોત. લાલુએ કહ્યુહતુ કે નીતીશ કુમાર કહેતા હતા કે માટીમાં મળી જઈશપરંતુ ભાજપ સાથે ક્યારેય હાથ મિલાવશે નહી.

## દગો કર્યો...

● અનુસંધાન પહેલાનું ચાલુ

જનાદેશ મળ્યો હતો. પરંતુ હવે નીતીશ કુમારે પોતાના અંગત હિતને ધ્યાનમાં લઈને આવી તાકાત સાથે હાથ મિલાવ્યા છે. નીતીશ કુમારના રાજીનામાથી દેશની રાજનીતિમાં ભૂકંપની સ્થિતી સર્જાઈ ગઈ છે. નીતીશ કુમારે અગાઉ રાષ્ટ્રપતિની ચૂંટણીમાં રામનાથ કોવિંદને ટેકો આપીન કોંગ્રેસ સહિતના રાજકીય પક્ષોને ચોંકાવી દીધા હતા.

## ભારે ભૂકંપ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

જ્યાં ભાજપ પક્ષના મુખ્ય દંડક પંકજ દેસાઈ હાજર હતા.બલવંતસિંહ રાજપુત અને ડૉ. તેજશ્રીબેન પટેલે પાંચ જ મિનિટમાં અધ્યક્ષ રમણ વોરાને પોતાના રાજીનામાનો પત્ર સુપ્રત કર્યો હતો. જેમાં ખરાઈ સહિતની વૈદ્યાનિક પ્રક્રિયા સંપન્ન કરી તેમણે રાજીનામાનો સ્વીકાર કર્યો હતો. આ પછી પાંચ વાગ્યાના સુમારે ત્રીજા ધારાસભ્ય પી.આઈ. પટેલ વિધાનસભા અધ્યક્ષ રમણભાઈ વોરાને રાજીનામુ આપવા પહોંચ્યા હતા. તેમણે રાજીનામુ આપી દીધા બાદ સીધા કમલમ્ ભાજપના સભ્યોની બેઠકમાં પહોંચ્યા હતા. રાજીનામુ આપ્યા બાદ બલવંતસિંહ રાજપૂતે કોંગ્રેસ દિશાહીન બની હોવાનો આરોપ લગાવી પોતે વ્યથિત થઈ રાજીનામુ આપી દીધુ હોવાની ટુંકી વાત કરી હતી. જોકે તેમણે પ્રદેશ નેતાગીરી સામે સખ્ત નારાજગી વ્યક્ત કરી જણાવ્યું હતું કે સંગઠ્ઠનમાં સભ્યોની વાત સાંભળવામાં આવતી જ નહોતી.

ડૉ. તેજશ્રીબેન પટેલે જણાવ્યું હતું કે પાટીદાર આંદોલનને લઈ વારંવાર પક્ષને તેનું સ્ટેન્ડ કલીયર કરવા રજુઆત કરી હતી પરંતુ પ્રદેશ નેતાઓએ કોઈ જ ધ્યાન આપ્યુ નહિ. તેમણે ભોજવાના સમૂહલગ્નમાં અલ્પેશ ઠાકોરના પ્રવચનને યાદ કરી જે રીતે જ્ઞાતિવાદી રાજકારણને પ્રોત્સાહિત કરવાથી વધુ વ્યથિત થયા હોવાનું જણાવતાં કહ્યુ હતુ કે છેલ્લા ૭ માસથી તે ભારે ગુંગળામણ અનુભવતા હતા એટલે આજે થાકીને રાજીનામુ આપવાનો નિર્ણય કર્યો છે. લોકસેવાનું કામ ચાલુ રાખવાની બન્ને સભ્યોએ સ્પષ્ટ વાત કરી હતી. સાંજે પાંચ વાગ્યે પી.આઈ. પટેલે પણ હોદ્દા પરથી રાજીનામુ આપતાં હવે વિધાનસભાના સભ્યોની સંખ્યા ઘટીને ૧૭૯ થઈ છે. હજુ વધુ રાજીનામા આવશે તેવા સંકેતો રાજકીય વર્તુળો આપી રહ્યા છે અને રાજ્યસભાની ચૂંટણી ખરા દાવપેચની ચૂંટણી બનશે તેમ રાજકીય વર્તુળો માની રહ્યા છે.

## સંયુક્ત સરકાર...

● અનુસંધાન પહેલાનું ચાલુ

સમીકરણ બદલાઈ ગયા છે. ગઈકાલ સુધી દશ્મન રહેલા હવે મિત્ર બની ગયા છે. આરજેડીના વડા લાલુ યાદવના પુત્ર પર ભ્રષ્ટાચારનો આક્ષેપ કરીને મહાગઠબંધનને ગઈકાલે નીતીશ કુમારે ખતમ કરવાની જાહેરાત કરી હતી. ભાજપના વરિષ્ઠ નેતા સુશીલ કુમાર નાયબ મુખ્યપ્રધાન બની ગયા છે. ૨૪૩ સીટવાળી વિધાનસભામાં એનડીએના સહકારથી નીતિશ કુમારની સરકાર બહુમતિના ૧૨૨ના આંકડાથી વધારે છે.જેડીયુની પાસે હવે ૭૧ ધારાસભ્યો છે. ભાજપની પાસે ૫૩ ધારાસભ્યો છે. એલજેપીની પાસે બે સભ્યો છે. આરએલએસપીની પાસે બે અને જીતનરામ માંઝીની પાસે એક ધારાસભ્ય છે. આ તમામને મળીને હવે સત્તાધારી ગઠબંધનની પાસે કુલ ૧૨૯ ધારાસભ્યો છે. સુત્રોએ માહિતી આપતા કહ્યુ છે કે નીતિશ કુમારે મુખ્યપ્રધાન તરીકે શપથ લીધા બાદ હવે તેઓ શુક્રવારના દિવસે બહુમતિ સાબિત કરનાર છે. ત્યારબાદ જ બાકીના પ્રધાનો શપથ લેશે. શપથગ્રહણ બાદ બન્ને નેતા એક સાથે એક ખુરશી પર બેઠા હતા. સમર્થકોએ તેમની તરફેણમાં જોરદાર નારેબાજી કરી હતી. બિહારના રાજકારણમાં ગઈકાલે બુધવારના દિવસે ભૂકંપની સ્થિતિ સર્જાઈ હતી. બિહારના મુખ્યમંત્રી તરીકે આખરે નીતીશ કુમારે રાજીનામુ આપી દીધું હતું. તેમના પુત્ર તેજસ્વી યાદવના રાજીનામાને લઈને લાલૂ યાદવે ઈન્કાર કર્યા બાદ નીતિશકુમારે રાજીનામુ આપ્યું હતું. ભ્રષ્ટાચારના કેસમાં સીબીઆઈ દ્વારા આક્ષેપોનો સામનો કરી રહેલા તેજસ્વી યાદવના રાજીનામાનો લાલૂ યાદવે અગાઉ ઈન્કાર કર્યો હતો. લાલૂ યાદવે ઈન્કાર કર્યા બાદ તરત જ પોતાના ધારાસભ્યોની એક મહત્વપૂર્ણ બેઠક નીતિશકુમારે પોતાના આવાસ ઉપર બોલાવી હતી.

# પ્રાંતિજ સ્વામિનારાયણ સોસાયટીના રહીશોના ભરચોમાસે પાણી માટે વલખા

પ્રાંતિજ, તા. ૨૭

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ સ્વામિનારાયણ સોસાયટીના રહીશો ભર ચોમાસે પીવાના પાણી માટે વલખાં મારે છે અને રજુઆતો કરવા છતા પાલિકા દ્વારા પાંચ દિવસ પછી પણ કોઈજ કાર્યવાહી હાથ ધરવામાં ના આવતાં રહીશો વરસાદી પાણીનો સહારો લેવો પડયો છે.

પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ સ્વામિનારાયણ સોસાયટીમાં છેલ્લા પાંચ એક દિવસથી નગરપાલિકા દ્વારા આપવામાં આવતું પીવાનું પાણી ના મળતાં રહીશો દ્વારા રજુઆતો કરવા છતા તંત્ર દ્વારા કોઈજ કાર્યવાહી હાથ ધરવામાં ના આવતાં રહીશો હાલ તો રોજીંદા ઉપયોગ તથા પીવા માટે વરસાદી પાણીનો ઉપયોગ કરે છે અને પોતાના રોજીંદા વપરાશ માટે ધાબાં ઉપરથી પાઈપ દ્વારા અંદર ગાઉન્ડ હોજ સહિત ટાંકીમાં પાણી ભરે છે ત્યારે પ્રાંતિજ નગરપાલિકામાં રહિશો દ્વારા છેલ્લાં પાંચ દિવસથી રજુઆતો કરવા છતા રહીશોને પાણી ના મળી રહેતાં સોસાયટીના રહીશોને હાલ તો વરસાદી પાણીનો ઉપયોગ કરવાનો વારો આવ્યો છે. તો કદાચ સીધું વરસાદી પાણીનો ઉપયોગ સીધો પીવામાં કે ભોજનમાં કરવામાં આવે તો પાણીજન્ય બિમારી ફેલાય તો નવાઈ નહી ત્યારે તંત્ર દ્વારા હાલ તો રહીશોની રજુઆત છતાં ઠાગાઠૈયા કરતાં સોસાયટીના રહીશોમા રોષ જોવાં મલી રહ્યો છે.



## પ્રાંતિજ ભાંખરીયા તળાવ છલકાયું

સાબરકાંઠા જિલ્લા સહિત પ્રાંતિજમાં પણ છેલ્લા ચાર દિવસથી મેઘરાજાની અસીમકૃપા થતાં પ્રાંતિજ સહિત તાલુકામાં આવેલ નદી-નાળા- તળાવો છલકાયાં છે તો પ્રાંતિજ ખાતે આવેલ ભાંખરીયા તળાવ પણ ઓવરફ્લો થતાં નગરજનોમાં ખુશી જોવા મળી હતી અને તળાવ આવેરફ્લો થતાં નવા નીર જોવા દોડી આવ્યા હતા.

પ્રાંતિજ સહિત તાલુકામાં મેઘરાજા મન મુકીને ચાર દિવસથી ધીમીધારે કે કોઈક વાર ફાસ્ટ બેટીંગ કરતાં પ્રાંતિજ સહિત તાલુકામાં આવેલ તળાવો ભરાયાં છે અને ઓવરફ્લો થયા હતા તો પ્રાંતિજમાં પણ ભખરરાજા વખતે ખોદવામાં આવેલ ઐતિહાસિક ભાંખરીયા તળાવ પણ છલકાતાં પ્રાંતિજ વાસીઓમા ખુશીની લહેર જોવાં મળી હતી અને તળાવમાં આવેલ નવા નીર જોવા નાના-મોટા સૌ કોઈ તળાવ પાસે દોડી આવ્યા હતાં તો તંત્ર દ્વારા તળાવ પાસે કે નજીક જવા ઉપર પ્રતિબંધની સાથે સેલ્ફી લેવા ઉપર પણ પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે.

# મોડાસાના બામણવાડાથી બે નાળી બંદુક ઝડપાઈ

મોડાસા, તા. ૨૭

અરવલ્લી જિલ્લાના મોડાસા-શામળાજી માર્ગ પરથી અરવલ્લી જિલ્લા એસઓજી પોલીસે બારા બોરની બે નાળી બંદુક સાથે નિવૃત્ત ફૌજીની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી હતી.

અરવલ્લી જિલ્લા એસઓજી પીઆઈ પી.ડી. દરજી અને તેમની ટીમના માણસો બુધવારની સવારે શામળાજી માર્ગ પર જઈ રહ્યા હતા એ સમયે જીવણપુર ચાર રસ્તા પાસે એક પુરૂષને બંદુક સાથે બેઠેલો જોઈ તેની પૂછપરછ હાથ ધરી હતી. જે દરમ્યાન બંદુકનુ લાયસન્સ તપાસતા આ લાયસન્સ જમ્મુ-કાશ્મીરના શ્રીનગરનુ હોવાનું જણાઈ આવ્યું હતું. આ લાયસન્સ રીન્યુ કરવાની તારીખ પણ વર્ષ ૨૦૧૨માં પુરી થઈ



ગઈ હોવા છતાં તે રીન્યુ પણ કરાવાયુ ન હતુ. વધુ પૂછપરછ અને તપાસમાં આ શખ્સ મોડાસા તાલુકાના બામણવાડા ગામનો મણાભાઈ રામાભાઈ વણકર હોવાનું ખુલ્યુ હતુ. ત્યારે આ મણાભાઈએ બંદુક અંગે ખુલાસો કરતા જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૨માં તેઓ આર્મીથી નિવૃત્ત થયા ત્યારે બારાબોરની બે નાળી બંદુક લઈને વતન આવ્યા હતા. જ્યારે પીઆઈ પી.ડી. દરજીએ જણાવ્યું હતું કે આ બંદૂક જમ્મુ-કાશ્મીરથી ગુજરાતમાં લાવવામાં આવી છે પરંતુ નિવૃત્ત ફૌજીએ કાયદાનું ઉલ્લંઘન કરી ગેરકાયદેસર રીતે પોતાની પાસે બંદુક રાખી હોવાથી પોલીસે આર્મ્સ એક્ટ મુજબ તેમજ જિલ્લા કલેક્ટરના જાહેરનામાના ભંગ મુજબનો ગુનો મોડાસા રૂરલ પોલીસમથકે દાખલ કરી મણાભાઈ વણકરની ધરપકડ કરવામાં આવી છે.

## અરવલ્લી જિલ્લામાં અતિવૃષ્ટિથી થયેલ નુકશાન અંગેની સમીક્ષા

જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી પડી રહેલ અવિરત વરસાદ અંગે જિલ્લા પંચાયતના પ્રમુખ રાજેન્દ્ર પારધી દ્વારા અગાઉ અતિવૃષ્ટિ વિસ્તારની મુલાકાત લઈ સમીક્ષા કરવામં આવી હતી. જિલ્લા પંચાયતના વિવિધ વિભાગના અધિકારીઓ સાથે આ અંગે ચર્ચા કરી થયેલ નુકશાનનો આંખે દેખ્યો અહેવાલ રજુ કરી ગ્રામ્ય વિસ્તારમાં થયેલ નુકશાન અંગે સર્વે કરી રાજ્ય સરકારમાં અહેવાલ રજુ કરવા સુચના આપી હતી. ગ્રામ્ય વિસ્તારના કાચા-પાકા મકાન પડી ગયેલ હોઈ, અતિ વરસાદથી બિયારણનું થયેલ નુકશાન, પશુપાલનના ઢોર-ઢાંખર અંગે થયેલ નુકશાન તેમજ ગ્રામ્ય વિસ્તારમાં પંચાયત હસ્તકના રસ્તાઓ તથા તળાવો અને સરકારી મકાનોને થયેલ નુકશાનનું સર્વે કરવા જિલ્લા પંચાયતના વિવિધ અધિકારીઓ જેવા કે ખેતીવાડી અધિકારી, પશુપાલન અધિકારી, નાયબ જિલ્લા વિકાસ અધિકારી તથા સિંચાઈ વિભાગ અને માર્ગ-મકાન વિભાગના કાર્યપાલક ઈજનેરોને જરૂરી સુચના આપી હતી.

## ખેડબ્રહ્મામાં ત્રણ કલાકમાં બે ઈંચ વરસાદ

ખેડબ્રહ્મા, તા. ૨૭

ખેડબ્રહ્મામાં બપોરના એક વાગે ધોધમાર વરસાદ શરૂ થતાં શહેરમાં ઠેર ઠેર પાણી ભરાયા હતા. ત્રણ કલાક વરસાદ પડવાથી માતાજી મંદિર પાસેનું ભીલકા તળાવ ઓવર ફ્લો થતા વરતોલ, બહેડીયા, રોદરા, દેરોલ, પરોયા, નવા નાના જેવા અનેક ગામો ખેડબ્રહ્માથી સંપર્ક વિહોણા થઈ ગયા હતા. માતાજી મંદિર જવાના રોડ ઉપર ઢીચણ સમા પાણી વહેવા લાગ્યા હતા. ઉપરવાસમાં ભારે વરસાદ થવાથી હરણાવ નદીમાં પૂર આવ્યુ હતુ. નદીમાં આવેલ રેપડી માતાજી મંદિરમાં પૂજા કરતા એક પરિવારના ચાર વ્યક્તિઓ ફસાયા હતા. જેમને બચાવ કામગીરી ચાલુ કરવામાં આવી હતી.

## કંપની સમાચાર

### સીક્યોરિટી એન્ડ ઈન્ટેલિજન્સ સર્વિસીસ (ઈન્ડિયા) લિમિટેડ આઈપીઓ ૩૧ જુલાઈ, ૨૦૧૭ને સોમવારે ખુલશે

સીક્યોરિટી એન્ડ ઈન્ટેલિજન્સ સર્વિસીસ (ઈન્ડિયા) લિમિટેડ (“કંપની” કે “ઈશ્યૂઅર”)એ રોકડ સામે રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેર (“ઈક્વિટી શેર”)ની ઈનિશિયલ પબ્લિક ઓફર ૩૧ જુલાઈ, ૨૦૧૭ને સોમવારે ખુલશે તેવી દરખાસ્ત રજૂ કરવામાં આવી છે. જે રૂ. ૩,૬૨૨,૫૦ મિલિયનનાં ફ્રેસ ઈક્વિટી શેર (“ફ્રેશ ઈશ્યૂ”) અને વિક્રેતા શેરધારકો દ્વારા ૫,૧૨૦,૬૧૯ ઈક્વિટી શેર સુધીનાં વેચાણની ઓફર ધરાવે છે, જેમાં થીએનો પ્રાઈવેટ લિમિટેડ દ્વારા ૩,૪૦૨,૭૬૪ ઈક્વિટી શેર સુધીનાં વેચાણની ઓફર, એએજેવી ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ દ્વારા ૬૮.૩ ઈક્વિટી શેરનાં વેચાણની ઓફર (સંયુક્તપણે “ઈન્વેસ્ટર સેલિંગ શેરહોલ્ડર્સ”) રવિન્દ્ર કિશોર દ્વારા ૭૮૬,૫૧૭ ઈક્વિટી શેરનાં વેચાણની ઓફર, રિતુરાજ કિશોર સિંહા દ્વારા ૫૨૪,૩૪૫ ઈક્વિટી શેરનાં વેચાણની ઓફર, (સંયુક્તપણે “પ્રમોટર વિક્રેતા શેરધારકો”) અને અન્ય વિક્રેતા શેરધારક (અહીં હવે પછી વ્યાખ્યાયિત કરવામાં આવ્યા છે) દ્વારા ૩૩૮.૬૫૭ના વેચાણની ઓફર સામેલ છે. (સંયુક્તપણે “ઓફર ફોર સેલ”) ઓફની પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૮૦૫ થી રૂ. ૮૧૫ નક્કી કરવામાં આવી છે. બિડ્સ લઘુત્તમ ૧૮ ઈક્વિટી શેર અને પછી ૧૮ ઈક્વિટી શએરના ગુણાંકમાં કરી શકાશે. બિડ/ઓફર ૨ ઓગષ્ટ-૨૦૧૭ને બુધવારે બંધ થશે.